ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# S.T.I. MODEL ANSWERS

## PART-3

OF DAILY TEST PAPERS FROM

04/11/19 to 09/11/2019

# STI MAINS MODEL ANSWER

**1.** **FRBM Act વિશે માહિતી આપી તેના અંતર્ગતના લક્ષ્યાંકોની ચર્ચા કરો. આ સાથે જ 'FRBM Review Committee' દ્વારા સૂચવવામાં આવેલી ભલામણો વિશે માહિતી આપો.** — **10 માર્ક**

– FRBMનું પૂરું નામ : Fiscal Responsibility and Budget Management Bill
– વર્ષ 2003માં FRBM Act, પસાર થઈ હતી.
– આ એકટ દ્વારા ભારત સરકારને નાણાકીય શિસ્ત સ્થાપિત કરવા માટેના જાહેર ભંડોળના સંચાલનમાં સુધારો કરવા માટેના અને નાણાકીય ખોટ ઘટાડવા માટેના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે.

➤ **લક્ષ્યાંકો :-**
– મહેસૂલી ખાદ્ય (Revenue Derict)ને 31માર્ચ, 2009 સુધીમાં દૂર કરવી. વાર્ષિક રીતે GDPના ઓછામાં ઓછા 0.5% જેટલો ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખવો.
– 31 માર્ચ 2008 સુધીમાં વિત્તિય ખાદ્ય (Fiscal Dericit)ને ઓછામાં ઓછી GDPના 3% જેટલી ઘટાડવી. ન્યૂનત્તમ વાર્ષિક ઘટાડો =GDP ના 0.3% કરવો.
– કુલ ઋણ GDPના 9% જેટલું ઘટાડવુ. આ લક્ષ્યાંક મૂળ રીતે 6% હતું, જે 2004-05 માં વધારવામાં આવ્યું. આથી, વાર્ષિક રીતે GDPના 1% જેટલો ઋણમાં ઘટાડો કરવો.
– 1 એપ્રિલ 2006 સુધીમાં RBI દ્વારા સરકારી બોન્ડ ખરીદવા પર પ્રતિબંધ લગાડવો.
– કેન્દ્ર સરકારે વર્ષ 2004-05 થી શરૂ કરી GDPના 0.5% કરતા વધુ ગેરેંટી (કુલ PSU બેંકોની લોન પર) ન આપવી.

➤ **FRBM Review Committee :-**
– સરકાર દ્વારા એન. કે. સિંઘની અધ્યક્ષતા પાંચ – સભ્યોવાળી એક રિવ્યુ કમિટીની રચના(2016 માં)
– અન્ય સભ્યો : ઊર્જિત પટેલ : અરવિંદ સુબ્રમણ્યમ : સુમીત બોસ : રાથીન રોય

➤ **મુખ્ય ભલામણો :-**
– મહેસૂલી ખાદ્ય તથા વિત્તીય ખાદ્યના લક્ષ્યો ચાલુ રાખવા પરંતુ ઋણ (દેવાં)ને પ્રાથમિક લક્ષ્ય રાખવું, અને ખાદ્યને નહીં.
– સરકારે દેવા– GDPના પ્રમાણના 60%નો લક્ષ્ય રાખવો જોઈએ જેમાં કેન્દ્ર માટેની લિમિટ 40% અને રાજ્યો માટેની 20% લિમિટ, વર્ષ 2023 સુધીમાં.
– એક સ્વાયત વિત્તીય પરિષદ (Fiscal Council) ની સ્થાપના કરવી. જેમાં એક ચેર પર્સન + 2 સભ્યો રહેશે તથા તેઓનો કાર્યકાળ 4 વર્ષનો રહેશે. તેમને કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવશે. આ પરિષદના કાર્યો : બહુ વર્ષીય વિત્તીય માહિતીની પૂર્વધારણા કરવી, વિત્તીય સ્ટ્રેટેજીમાં સુધારાઓની ભલામણ કરવી, વિત્તીય માહિતીની ગુણવત્તામાં સુધારો કરવો, વિત્તીય લક્ષ્યાંકોમાં પરિવર્તન કરવાની બાબતે સરકારને સલાહ આપવી.
– રાષ્ટ્રીય સુરક્ષા, યુદ્ધ, આપત્તિઓ, કૃષિમાં અસ્થિરતા વગેરે જેવા પ્રસંગો એ સરકાર આ પરિષદ દ્વારા દર્શાવેલ માંગથી અલગ જઈ શકે છે.
– આ સાથે FRBMને રદ કરી એક નવા 'Debt Management and Fiscal Responsibility Bill'ની રચના કરવાનો પ્રસ્તાવ પણ આપવામાં આવ્યો છે.
– આ બિલના રિવ્યુ માટે અકે કમિટીની રચના કરવાનો પ્રસ્તાવ. જે 2023-24માં આ બિલના કાર્યોનું રિવ્યુ કરશે.

**2.** ભારતીય બંધારણ અંતર્ગત ઉલ્લેખિત આકસ્મિક ભંડોળ વિશે માહિતી આપો. — **04 માર્ક**

➤ **આકસ્મિક ભંડોળ :-**
– બંધારણની કલમ 267(1)માં.
– કોઈ તાત્કાલિક અથવા અચાનક આવેલા ખર્ચ માટેનું આ ભંડોળ.
– રાષ્ટ્રપતિ દ્વારા આ ભંડોળની સંભાળ રાખવામાં આવે છે જ્યારે વાસ્તવિક રીતે, નાણાં મંત્રાલયના સચિવ દ્વારા રાષ્ટ્રપતિના બદલામાં સંભાળ રાખવામાં આવે છે.
– દરેક રાજ્યને પોતાનું આકસ્મિક ભંડોળ હોય શકે.
– આ ભંડોળ નિયત રૂ.500 કરોડનું હોય છે.
– આ ભંડોળમાંથી ખર્ચ કર્યા બાદ સંસદની મંજૂરી આવશ્યક છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 3. | 'કેપિટલ ગેઈન્સ ટેક્સ' વિશે માહિતી આપો.<br>➤ **'કેપિટલ ગેઈન્સ ટેક્સ' :-**<br>– કેપિટલ સંપત્તિઓમાંથી મળતાં નફાને કેપિટલ ગેઈન્સ કહે છે.<br>– તેના મુખ્ય 2 પ્રકાર છે : (1) ટૂંકા ગાળાના (Short Term) કેપિટલ ગેઈન્સ ટેક્સ<br>(2) લાંબા ગાળાના (Long Term) કેપિટલ ગેઈન્સ ટેક્સ<br>– જે નાણાકીય વર્ષમાં કેપિટલ સંપત્તિનો વિનિમય કરતા નફો મળે તે નાણાકીય વર્ષમાં ટેક્સ ભરવો પડે છે.<br>– નેટ કેપિટલ ગેઈન = કેપિટલ સંપત્તિમાંથી થયેલ લાભો – કેપિટલ સંપત્તિમાંથી થયેલ ખોટ.<br>– દર વર્ષે શેરના મૂલ્યમાં વધારો થાય તો તે કેપિટલ ટેક્સમાં ગણાશે નહીં. માત્ર વેંચવાના સમયે જ તેની ગણતરી કરવામાં આવશે.<br>– ટૂંકા ગાળાના કેપિટલ ગેઈન્સ ટેક્સ : 36 મહીના કે તેથી ઓછા સમય માટે જાળવેલ સંપત્તિને વેંચવાથી અથવા 12 મહિના કે તેથી ઓછાં સમયમાં શેર, મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ વગેરે ને વેંચવાથી.<br>– લાંબા ગાળાના કેપિટલ ગેઈન્સ ટેક્સની સમય મર્યાદા : 36 મહિનાથી વધુ માટે (સંપત્તિ માટે) અથવા 12 મહિનાથી વધુ માટે (શેરબજાર માટે). | 04 માર્ક |

# ALL THE BEST

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI MAINS MODEL ANSWER

**1.** રસાયણ ઉદ્યોગના સંદર્ભે ગુજરાતનું ભારતીય અર્થતંત્રમાં તેમજ વૈશ્વિક અર્થતંત્રમાં યોગદાનની ચર્ચા કરો તથા ગુજરાતમાં આ ઉદ્યોગ વિકસવા પાછળના પરિબળોની ચર્ચા કરો. **10 માર્ક**

➤ **ગુજરાતનો રસાયણ ઉદ્યોગ :-**
- ભારતીય રસાયણ ઉદ્યોગના 35% રસાયણ ઉદ્યોગનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. આ ઉપરાંત 62% પેટ્રોકેમિકલ ઉત્પાદન તથા 18% પેટ્રોકેમિકલની નિકાસ ગુજરાત દ્વારા.
- મુખ્ય કેન્દ્રો : અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, વાપી.
- કઈ વસ્તુઓનું ઉત્પાદન ? : કેમિકલ ડાય, વિશેષ રસાયણો, કૃષિ – રસાયણો, જંતુનાશકો, યુરિયા, રંગતત્ત્વો વગેરે.
- અંકલેશ્વર – વડોદરા વિસ્તારમાં આશરે 2000 જેટલા રસાયણ ઉદ્યોગના એકમો/કંપનીઓ. જે દક્ષિણ ભારતના સંપૂર્ણ રસાયણ એકમો કરતાં વધુ.
- નાણાકીય વર્ષ 2014માં ગુજરાતનું રસાયણ ઉદ્યોગનું ટર્ન ઓવર USD 144 બિલિયન જેટલું હતું. જે ભારતની GDPના 2.11% જેટલું છે.
- આઉટપુટની દ્રષ્ટિએ ભારતીય રસાયણ ઉદ્યોગ એશિયામાં ત્રીજા સ્થાને છે તથા વિશ્વમાં છટ્ઠા સ્થાને છે.
- ગુજરાતમાં આશરે 500 મોટા તથા મધ્યમ એકમો અને 16,000 નાના સ્તરના એકમો છે.
- પર્યાવરણનું ધ્યાન : ગુજરાતમાં સારા પ્રમાણમાં Effluent Treatment Plants આવેલા છે.

➤ **મુખ્ય ઉદાહરણો :-**
- રિલાયન્સ, એસ્સાર, પેટ્રોનેટ LNG, ONGC, તાતા કેમિકલ્સ, બરોડા એગ્રો વગેરે.

➤ **ઉદ્‌ભવ :-**
- માળખાગત સુવિધાઓ (નેશનલ હાઈવે, રેલ્વે લાઈન, એરપોર્ટ).
- દહેજ બંદર, હજીરા વગેરે મુખ્યત્વે રસાયણ ઉદ્યોગ સાથે સંબંધિત.
- પશ્ચિમી દરિયાકિનારો (ક્રુડ તેલ ઉત્પાદન કરતાં દેશો સાથે સરળ વહાણ અવર–જવર).
- ગુજરાતમાં પાઈપલાઈન દ્વારા પહોંચ તથા વિતરણ.
- ગુજરાતમાં રિફાઈનરીઓ દેશના વિવિધ ભાગોમાં પાઈપલાઈન દ્વારા પહોંચ તથા વિતરણ કરવામાં આવે છે.
- ગુજરાતનો PCPIR ક્ષેત્ર (Petroleum, Chemical & Petrochemical Investment Region) 453.59km નું છે. જે ભરૂચ જિલ્લામાં ખંભાતના અખાત પાસે આવેલુ છે.
- નિકાસ પ્રોત્સાહનની સુવિધાઓ. (દહેજ બંદરે સંગ્રહ સુવિધા)
- ગુજરાતના કુશળ શ્રમિકો, શાંત રાજકીય વાતાવરણ વગેરે.
- સુવ્યવસ્થિત કાયદાકીય માળખું : Gujarat SEZ Act, 2004
  - ✦ GIDC Act, 1962
  - ✦ Gujarat Infrastructure Development Act 1999.
- ગુજરાતમાં વિવિધ રસાયણોની કુદરતી ઉપલબ્ધતા.

**2.** રૂપિયાનું આંશિક રૂપાંતરણ (Partially Convertible Rupee) વિશે માહિતી આપો. **04 માર્ક**

➤ **રૂપિયાનું આંશિક રૂપાંતરણ :-**
- 1991ની આસપાસના સમયગાળામાં ભારતીય અર્થતંત્રની અસ્થિર હતું.
- ભારતમાં આંતરરાષ્ટ્રીય વેપારમાં વસ્તુ અને સેવામાં નીચે મુજબ વિદેશી મૂડીનું ભારતીય રૂપિયામાં રૂપાંતરણ થઈ શકતું.
  - ✦ 40% ઓફિશિયલ રેટ મુજબ
  - ✦ 60% બજાર રેટ મુજબ
- મતલબ કે ચાલુ ખાતામાં રૂપિયા સંપૂર્ણપણે રૂપાંતરિત ન હતો આથી તેને ચાલુ ખાતામાં રૂપિયાનું આંશિક રૂપાંતરણ કહેવાતુ.
- અમુક માલ–સામાનને બાદ કરતાં(પેટ્રોલ, ખાતરો, સંરક્ષણ ક્ષેત્ર વગેરે) દરેક ચીજ–વસ્તુઓને આ દ્વારા અસર થતી હતી.
- આ પદ્ધતિને 'બમણી વિનિમય પદ્ધતિ' (Dual Exchange System) પણ કહેતા.
- તે સમયે ભારતના ચાલુખાતામાં ખૂબ જ મોટી ખાદ્ય હોવાથી રૂપિયાનું સંપૂર્ણ રૂપાંતરણ શકય ન હતું.

- આંશિક રૂપાંતરણનો મુખ્ય ઉદ્દેશ : જરૂરી આયાતો માટે વિદેશી મૂડીની ઉપલબ્ધતા જાળવવી. આથી આવા જીવન જરૂરી આયાતોના ભાવ બાહ્ય અસરને કારણે વધે નહીં.
- 1993 થી વેપાર ખાતામાં સંપૂર્ણ રૂપાંતરણને મંજૂરી આપવામાં આવી હતી.
- હાલ માત્ર કેપિટલ એકાઉન્ટમાં રૂપિયાનું આંશિક રૂપાંતરણ શકય છે.

| | | | |
|---|---|---|---|
| 3. | FDI અને FII વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરો. | | 04 માર્ક |
| | **FDI** | **FII** | |
| | – Foreign Direct Investment | – Foreign Institutional Investment | |
| | – અન્ય દેશની સંસ્થા દ્વારા કોઈ દેશના ઉત્પાદન કે વેપારમાં કરવામાં આવતાં રોકાણનો પ્રકાર. | – તે એક પ્રકારનું રોકાણ ભંડોળ(ફંડ) છે. તેમાં પણ અન્ય દેશમાં રોકાણ કરવામાં આવે છે. (ઉત્પાદન કે વેપાર જેવા ક્ષેત્રોનો અસમાવેશ) | |
| | – FDI દ્વારા જે–તે એકમમાં માલિકીના હક્કો મળે. | – FII દ્વારા માત્ર વિદેશી નાણાં બજારમાં રોકાણ જ શકય છે. | |
| | – FDI ને વધુ પ્રાધાન્યતા, કેમ કે સમગ્ર અર્થતંત્રને ફાયદો થાય. ઉત્પાદન – રોજગાર વગેરેનું સર્જન થાય છે. | – માત્ર મૂડી બજારમાં જ તેના દ્વારા ફાયદો થઈ શકે છે. | |
| | – તેનો પ્રવેશ અને બહાર નીકળવું થોડું અઘરું. | – Entry & Exit સહેલું. | |
| | – મુખ્યત્વે લાંબા ગાળા માટે રોકાણ. | – ટૂંકા અથવા લાંબા ગાળામાં રોકાણ. | |
| | – રોકાણ, તકનીક, સંસાધનો, વ્યૂહાત્મક રચનાઓ વગેરેનો વિનિમય. | – માત્ર રોકાણનો વિનિમય. | |
| | – દેશની GDPના વધારામાં ફાયદાકારક. | – દેશની મૂડીમાં વધારા માટે ફાયદાકારક. | |

# ALL THE BEST

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI MAINS MODEL ANSWER

**1.** **ભારતીય શાસન વ્યવસ્થા એ સમવાયતંત્રી વ્યવસ્થા છે. આ સંદર્ભે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના તણાવબિંદુઓની ચર્ચા કરો.** **10 માર્ક**

**સમવાયતંત્રી શાસન વ્યવસ્થા :-**

જે શાસન વ્યવસ્થામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સરખા પ્રમાણમાં સત્તાનું વિભાજન કરવામાં આવ્યું હોય, તેવી શાસન વ્યવસ્થાને સમવાયતંત્રી શાસન વ્યવસ્થા કહેવાય છે. આ પ્રકારની શાસન વ્યવસ્થામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોનું પોતપોતાનું આગવું મહત્ત્વ હોય છે. બંને વચ્ચે સત્તાનું વિભાજન સરખા પ્રમાણમાં થયેલું હોય છે. અને તે બંને પોત–પોતાના સત્તાધિકારક્ષેત્રમાં રહીને કાર્ય કરે છે. દેશના બંધારણમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના કાર્યોનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યુ હોય છે.

સમવાયતંત્રી વ્યવસ્થા હોવા છતા કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સબંધોમાં તણાવ રહેતો હોય છે અને કેન્દ્ર–રાજ્ય વચ્ચેના આવા તણાવ બિંદુઓ નીચે મુજબ છે.

**કેન્દ્ર-રાજ્ય વચ્ચે તણાવના બિંદુઓ**

– સમવાયતંત્રી વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ઘણા તણાવ બિંદુઓ રહેતા હોય છે પછી તે કેન્દ્ર દ્વારા રાજ્યો પર થતુ નિયંત્રણ, રાજ્યોની કેન્દ્ર પરની નાણાકીય નિર્ભરતા, રાજ્યની બાબતોમાં કેન્દ્રનો હસ્તક્ષેપ વગેરે કોઈપણ હોય શકે. ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે રહેલા તણાવ બિંદુઓને નીચેની બાબતોના આધારે જાણી શકાય છે.

**(1) રાજ્યપાલોની નિયુક્તિ અને ભૂમિકા**

– રાજ્યપાલની પસંદગી નિયુક્તિ અને ભૂમિકા પર કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ઘણા વર્ષોથી વિવાદ રહ્યા છે.

– રાજ્યપાલની નિયુક્તિ તથા પદ પરથી મુક્ત કરવાના નિર્ણયો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે છે અને મુખ્યમંત્રીની સલાહ લેવામાં આવતી નથી. જેથી એવુ બને છે કે રાજ્યપાલ એ 'કેન્દ્રના એજન્ટ' તરીકે કાર્ય કરે છે.

– રાજ્યપાલની વિવેક શક્તિઓ પણ વિવાદનો મુદ્દો છે. વિધાનમંડળ દ્વારા પસાર થયેલા ખરડાઓને અનુચ્છેદ 200નો ઉપયોગ કરી રાષ્ટ્રપતિની અનુમતિ માટે અનામત રાખવામાં આવે છે. જેને કારણે ખરડાઓ સ્થગિત થઈ જાય છે.

– અનુચ્છેદ 16 અંતર્ગત ફક્ત કહેવામાં આવેલુ છે કે મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરશે. આવી અસ્પષ્ટતાને કારણે વિવાદ ઉભો થાય છે કે જ્યારે કોઈ પક્ષ ને બહુમતી ન મળે ત્યારે રાજ્યપાલ દ્વારા કોઈ વખત સૌથી વધુ બેઠક જીતેલા પક્ષને સરકાર બનાવવાની તક આપે છે તો કોઈ વખત ચૂંટણી બાદના ગઠબંધનને સરકાર બનાવવાની તક આપવામાં આવે છે.

**(2) રાજ્યોની કેન્દ્ર પર નાણાકીય નિર્ભરતા**

– રાજ્યોની નાણાકીય સત્તાઓ કેન્દ્ર કરતા ઓછી છે અને આવક પણ ઓછી છે જેથી તેમને કેન્દ્ર તરફથી મળતા અનુદાન કે ધિરાણ પર નિર્ભર રહેવું પડે છે.

– આ ઉપરાંત કેન્દ્ર દ્વારા અધિક કર(Surcharge)લગાવવામાં આવે છે. જે સરચાર્જ કેન્દ્ર એ રાજ્યો સાથે વહેંચવાનો હોતો નથી.

– કેન્દ્રીય નાણાપંચની ભલામણો માનવી કેન્દ્ર સરકાર માટે ફરજિયાત નથી. 14માં નાણાપંચ દ્વારા કેન્દ્રોથી રાજ્યોને 42% કર આવક વહેંચવાની ભલામણ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે તે માન્ય પણ રાખેલી છતાં પૂર્વોતર રાજ્યો આજે પણ આર્થિક રીતે પછાત સ્થિતિમાં રહેલા છે.

**(3) અખિલ ભારતીય સેવાઓ**

– અનુચ્છેદ 312 અંતર્ગતની અખિલ ભારતીય સેવાઓ એ કેન્દ્ર–રાજ્ય સરકાર સાથેના વિવાદોનું કારણ રહી છે. રાજ્ય પ્રશાસનમાં ટોચના પદો પર અખિલ ભારતીય સેવાના અધિકારીઓ કાર્યરત હોય છે. જ્યારે આ અધિકારીઓની નિયુક્તિ, તાલીમ અને અંતિમ નિયંત્રણ કેન્દ્ર સરકારને આધીન રહે છે.

– રાજ્ય સરકારોની એ ફરિયાદો રહે છે કે રાજ્યમાં આ અધિકારીઓ કાર્ય કરતા હોવા છતા રાજ્ય સરકારો તેમના પર નિયંત્રણ કરી નથી શક્તી અને રાજ્ય સરકારની સત્તાઓ સિમિત કરી દેવામાં આવે છે.

**(4) રાજ્યમાં કેન્દ્રીય સૈનિક બળોની તૈનાતિ**

– બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવેલું નથી કે કેન્દ્ર સરકાર કોઈ રાજ્ય સરકારની અનુમતિ વિના રાજ્યોમાં કેન્દ્રીય બળોની તૈનાતિ કરી શકે કે નહીં.
– રાજ્યો દલીલ આપે છે કે કાયદો અને વ્યવસ્થા એ રાજ્યયાદી અંતર્ગતનો વિષય છે તેથી કેન્દ્ર દ્વારા મોકલવામાં આવતા સશસ્ત્ર દળોએ કેન્દ્ર દ્વારા રાજ્યો પર નિયંત્રણ કરવાનો પ્રયાસ છે.
– કેન્દ્ર સરકાર પોતાના પક્ષે એવી દલીલ આપે છે કે બંધારણનો અનુચ્છેદ 355 એવું સૂચવે છે કે 'સંઘનું એ કર્તવ્ય છે કે બાહ્ય આક્રમણ અને આંતરીક અશાંતિથી પ્રત્યેક રાજ્યોની સુરક્ષા કરે તથા એવુ સુનિશ્ચિત કરે કે પ્રત્યેક રાજ્ય સરકાર બંધારણ મુજબ ચાલે.

**(5) રાજ્યયાદીના વિષયો પર કેન્દ્રનો હસ્તક્ષેપ**

– બંધારણની અનુસૂચિ 7 એ કેન્દ્ર યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદીમાં કાયદો બનાવવાની સત્તાનું વિભાજન કરે છે કે જેના મુજબ કેન્દ્ર એ રાજ્ય યાદીના વિષયો પર સામાન્ય પરિસ્થિતિ અને સંજોગોમાં કાયદો બનાવી ન શકે. જે સમવાયતંત્રી શાસનનું ઉદાહરણ છે.
– અમુક વિશિષ્ટ પરિસ્થિતિઓમાં બંધારણ એ સમવાયતંત્રમાંથી એકતંત્રી બની જાય છે. દાત. રાષ્ટ્રપતિ શાસન દરમિયાન કેન્દ્ર એ રાજ્યયાદીના કોઈપણ વિષય પર કાયદો બનાવી શકે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કટોકટી દરમિયાન પણ કેન્દ્ર રાજ્યયાદીના કોઈપણ વિષય પર કાયદો બનાવી શકે છે.
– બંધારણમાં એવી પણ જોગવાઈ છે કે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વિધાનમંડળમાં અમુક ખરડાઓએ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી બાદ જ વિધાનમંડળમાં પ્રસ્તુત કરી શકાય છે. દાત.રાજ્યની અંદર વેપાર–વાણિજ્ય પર નિયંત્રણ મૂકવામાં આવતા અધિનિયમો, આવી જ રીતે અનુચ્છેદ 200 અંતર્ગત રાજ્યપાલ પાસે સત્તા છે કે તેઓ રાજ્ય સરકારના અમુક ખરડાઓને રાષ્ટ્રપતિની વિચારણા અર્થે અનામત રાખી શકે.
– આમ કેન્દ્ર પોતાની અમુક સત્તાઓ દ્વારા પ્રત્યક્ષ રીતે રાજ્ય યાદીના વિષયો પર નિયંત્રણ રાખે છે. તો અમુક બાબતો પર પરોક્ષ રીતે નિયંત્રણ રાખી રાજ્યની બાબતમાં હસ્તક્ષેપ કરે છે.

**(6) અનુચ્છેદ 356નો દૂરપયોગ**

– અનુચ્છેદ 356 અંતર્ગત કેન્દ્ર સરકારને સત્તા આપવામાં આવી છે કે જો તેમના અભિપ્રાયમાં કોઈ રાજ્યનું શાસન બંધારણ મુજબ ચાલતુ ન હોય તો ત્યાંની ચૂંટાયેલી રાજ્ય સરકારને બર્ખાસ્ત કરી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે.
– આ અનુચ્છેદના યોગ્ય ઉપયોગ કરતાં તેનો દુરપયોગ હજુ સુધી વધુ વખત કરાયેલો છે. આજ સુધીમાં ઉત્તરપ્રદેશ તથા કેરલ જેવા રાજ્યોમાં 9 વખત, પંજાબમાં 8 વખત તથા બિહારમાં આ અનુચ્છેદનો 7 વખત ઉપયોગ કરવામાં આવેલો છે.

**2.** GST પરિષદ વિશે નોંધ લખો. **04 માર્ક**

**વસ્તુ અને સેવા કર પરિષદ (GST Council)**

– અનુચ્છેદ 279(A) અંતર્ગત GST પરિષદની રચના કરવામા આવેલી છે. આથી તે એક બંધારણીય સંસ્થા છે. આ પરિષદ એ વસ્તુ અને સેવા કર સંબંધિત તમામ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેશે.

**વસ્તુ અને સેવા કર પરિષદનું માળખું**

– કેન્દ્રીય નાણામંત્રી (હોદ્દાની રૂએ અધ્યક્ષ)
– કેન્દ્રીય રાજ્યકક્ષાના નાણામંત્રી(સભ્ય)
– દરેક રાજ્યના નાણામંત્રી(સભ્યો)

**વસ્તુ અને સેવા કર પરિષદના સચિવ :**

– ભારત સરકારના મહેસૂલ સચિવ (Revenue Secretary) હોદ્દાની વસ્તુ અને સેવા કર પરિષદના સચિવ હોય છે.વસ્તુ અને સેવા કર પરિષદના કાર્યો (Functions of GST Council)
– વસ્તુ અને સેવા કર પરિષદ નીચેની બાબતો પર ભલામણ કરશે.

– કેન્દ્ર, રાજ્ય તથા સ્થાનિક સંસ્થાઓ દ્વારા વસુલવામાં આવતા,

(a) કયાં એવા કરો, સરચાર્જ કે જેને નાબૂદ કરી GST અંતર્ગત સમાવવામાં આવે.

(b) વસ્તુ અને સેવાઓ જે વસ્તુ અને સેવા કર (GST) માંથી બાકાત રહેશે.

(c) યોગ્ય GST કાયદો, સિદ્ધાંતો, કરની વહેંચણીના સિદ્ધાંતો

(d) અરુણાચલ પ્રદેશ, આસામ, જમ્મુ કાશ્મીર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યો માટે વિશેષ જોગવાઈ.

(e) વસ્તુ અને સેવા કર પરિષદ પેટ્રોલિયમ ક્રૂડ, હાઈસ્પીડ ડિઝલ, કુદરતી ગેસ, એવિયેશન ટર્બાઈન ઈંધણ પર વસ્તુ અને સેવા કર (GST) વસુલાતની તારીખની ભલામણ કરશે.

(f) GST ના સંબંધમાં કોઈ અન્ય વિષય જે પરિષદ દ્વારા નક્કી કરવામાં આવે તે વિષય સંદર્ભે ભલામણ કરશે.

**વસ્તુ અને સેવા કર પરિષદમાં નિર્ણય :-**

- મતદાનમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 1/3 (33.33%)
- મતદાનમાં રાજ્ય સરકારનો હિસ્સો 2/3 (66.66%)
- કોઈપણ નિર્ણય હાજર અને મતદાન કરનારા સભ્યોના 3/4 (75%) બહુમતીથી લેવાશે.

નોંધ : GST પરિષદની બેઠકમાં કોરમ (Quorum) એ કુલ સભ્ય સંખ્યાના 50% રહેશે.

**3.** ભારતીય બંધારણના આમુખમાં પ્રયોજવામાં આવેલા વિશેષણો વિશે માહિતી આપો તથા તેમાંથી કોઈ એક વિશેષણને સમજાવો. **04 માર્ક**

**આમુખના મુખ્ય વિશેષણો અને તેનો પરિચય**

- ભારતીય બંધારણના આમુખમાં મુખ્ય વિશેષણો જેવા કે સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક, પ્રજાસત્તાક, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા તેમજ બંધુતાનો ઉપયોગ કરવામાં આવેલો છે.

**બિનસાંપ્રદાયિક / ધર્મનિરપેક્ષ (Secular)**

- ધર્મનિરપેક્ષનો અર્થ એ થાય કે, રાજ્ય(દેશ)નો કોઈ એક ધર્મ રાષ્ટ્રીય ધર્મ માનવામાં આવતો નથી. અને પોતાના દેશના નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવે છે.
- ધર્મનિરપેક્ષ દેશોમાં કોઈ એક ધર્મની પ્રગતિ કે વિસ્તાર માટે ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. પરંતુ રાજ્ય(દેશ) બધા જ ધર્મથી સમાન અંતરે હોય છે.
- ધર્મનિરપેક્ષ દેશમાં નાગરિકો શાંતિપૂર્ણ રીતે પોતાના ધર્મનું આચરણ કરી શકે છે. અને તેનો પ્રચાર–પ્રસાર પણ કરી શકે છે.
- નાગરિકો પ્રત્યે ધાર્મિક આધાર પર અસમાનતા એ ધર્મનિરપેક્ષ રાજ્યોમાં પ્રતિબંધિત હોય છે.
- ભારત એ એક ધર્મનિરપેક્ષ રાજ્ય(દેશ). છે જેનો કોઈ ચોક્કસ રાજ ધર્મ નથી. અહીં તમામ ધર્મના લોકો પ્રત્યે એકસમાન વ્યવહાર કરવામાં આવે છે તથા દરેક નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતા મૂળભૂત અધિકારના સ્વરૂપમાં મળેલી છે આથી તેના ભંગ બદલ કાયદેસર કાર્યવાહી થઈ શકે છે.
- ધર્મ નિરપેક્ષ શબ્દને 42મા બંધારણીય સુધારા દ્વારા બંધારણના આમુખમાં દાખલ કરવામાં આવ્યો હતો.
- આપણા બંધારણમાં સ્પષ્ટ રીતે અનુચ્છેદ 25-28 અંતર્ગત ધાર્મિક સ્વતંત્રતાના મૂળભૂત હકો આપવામાં આવેલા છે.
- એસ.આર.બોમ્માઈ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અંતર્ગત સર્વોચ્ચ ન્યાયાલયની 9 ન્યાયાધીશોની ખંડપીઠે નીરિક્ષણ કર્યુ હતુ કે 'ધર્મનિરપેક્ષતા' ની ભાવના આપણી બંધારણીય ફિલસૂફીમાં બંધારણ અમલમાં આવ્યુ ત્યારથી જ અસૂચિત રીતે સમાવવામાં આવી હતી. પરંતુ 42માં બંધારણીય સુધારા દ્વારા આમુખમાં 'ધર્મનિરપેક્ષતા' શબ્દને સ્પષ્ટ અને સૂચિત રીતે સમાવવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI MAINS MODEL ANSWER

**1.** **ભારતીય અર્થતંત્ર માટે ચાલુ ખાતાની ખાધ એ સમસ્યા બની છે. ચાલુ ખાતાની ખાધને સ્પષ્ટ કરો. તેના ઉકેલ માટેના ઉપયો સદર્ભે તમારો અભિપ્રાય આપો.** — 10 માર્ક

* ચાલુ ખાતાની ખાધ :-

– તે વેપારના સંતુલન (માલ અને સેવાઓની આયાત અને નિકાસનો તફાવત), ચોખ્ખી ઘટક આવક (જેમ કે, વ્યાજ અને ડિવિડન્ડ) અને ચોખ્ખા વિનિમયોની ચૂકવણી (જેમ કે, વિદેશી સહાય) નો સરવાળો છે.

– ચાલુ ખાતાની ખાધ = વેપાર સંતુલન + ચોખ્ખી ઘટક આવક + ચોખ્ખા વિનિમયો

– સામાન્ય રીતે ચાલુ ખાતાને વિદેશ વ્યાપાર સાથે સરખાવવામાં આવે છે. જો કોઈ દેશમાં નિકાસની સરખામણીએ આયાતોનું મૂલ્ય વધુ હોય તો તે દેશમાં ચાલુ ખાતાની ખાધ છે તેમ કહેવાય.

– ચાલુ ખાતાની ખાધને ઘટાડવાના સામાન્ય ઉપાયો:–

→ નિકાસો વધારવી. (નિયમો, સહાય, સબસિડી વગેરે દ્વારા)
→ આયાતોને વિવિધ પદ્ધતિઓ દ્વારા મર્યાદિત કરવી (જેમ કે Quota, ટેરિફ, આયાત કર, ગુણવત્તા માપદંડો વગેરે દ્વારા).
→ ઉદ્યોગીકરણને વેગ આપવો. (જેથી ઓછી આયાતોની જરૂર પડે)
→ ઘરેલું કંપનીઓની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરવો.
→ સ્થિતિ અનુસાર દેશના નાણા મૂલ્યમાં ફેરફારો કરવા. (જેમ કે, ચીન દ્વારા કરવામાં આવતું અવમૂલ્યન)
→ ભારતમાં જૂન, 2019 મુજબ ચાલુ ખાતાની ખાધ GDP ના 2.1% જેટલી વધુ છે. ($ 57.2 billion) (ગત વર્ષે 1.8% હતી.)
→ આ દ્વારા દેશના અર્થતંત્રની સ્થિતિ જાણી શકાય છે.

– ભારત વિષયક :–

- ભારતમાં બમણી સમસ્યાઓ જોવા મળે છે: વધુ આયાત બિલ અને અર્થતંત્રમાં નબળાઈ.
- ભારત વિદેશી ક્રૂડ પર આધાર રાખે છે જે ઊર્જા સુરક્ષા માટે જરૂરી છે.
- ભારતમાં રૂપિયાનું અવમૂલ્યન કરવા કરતાં વિવિધ પરિબળો દ્વારા થઈ રહેલું અવમૂલ્યન રોકવુ આવશ્યક છે. (હાલ ડોલરની સાપેક્ષે રૂપિયાનું મૂલ્ય 72-74 જેટલું જોવા મળ્યું છે.)
- ભારતમાં વધતા જતાં ફૂગાવાની સમસ્યા જોવા મળે છે.(જેના માટેના વિવિધ કારણો→કૃષિ આધારિત અર્થતંત્ર, ટમેટા–ડુંગળી, શાકભાજીના ભાવોની અનિયમિતતા, વિદેશી ક્રૂડ ઓઈલ પર મુખ્ય આધાર– આથી તેના ભાવોને નિયંત્રણ કરવા મુશ્કેલ)

* અભિપ્રાય :– નિકાસ વધારવી, Make in India ઉપર વધુ ભાર આપવો તથા વધુ FDI લાવવુ, ભારતીય માલ–સામાનની ગુણવત્તા વધારવી,ઊર્જા સુરક્ષા માટે ઘરેલુ ઊર્જા વિકલ્પો વધારવા અને ક્રૂડ તેલ પર આધાર ઘટાડવો.

**2.** **'ટેકસની અવગણના' અને 'ટેકસની ચોરી' વચ્ચે તફાવત છે ?** — 04 માર્ક

| ટેકસની અવગણના (Tax Avoidance) | ટેકસની ચોરી (Tax Evasion) |
|---|---|
| કાયદાકીય પદ્ધતિઓના આધારે કરના મૂલ્યમાં ઘટાડો કરવો. | ગેરકાયદેસર રીતે ટેકસના મૂલ્યમાં ઘટાડો કરવો. |
| દા.ત. નાણાકીય કાર્યોનું એવી રીતે નિયમન કરવું કે જેથી ભરવો પડતો કર લઘુત્તમ થાય. | જેમ કે, એકાઉન્ટમાં ખોટી માહિતીઓ લખવી, આવક ઘટાડેલી દર્શાવવી, વધુ પડતો ખર્ચ બતાવવો વગેરે. |
| નીતિઓમાં રહેલ ખામીઓનો બુદ્ધિપૂર્વક કાયદાકીય રીતે ઉપયોગ કરવામાં આવે છે. | તે ગેરકાયદેસર છે. તેને ગુનો ગણવામાં આવે છે. |
| ખૂબ ઓછી શકયતા. | તેના દ્વારા કાળા બજારનું તથા અસામાજિક પ્રવૃતિઓનું નિર્માણ થઈ શકે છે. આથી તે માત્ર દેશના ખાતાને જ નહીં દેશના સમાજને પણ અસર કરે છે. |
| તેના ઉદ્ભવ માટે કારણોની ખાસ જરૂર નથી. વધુ કે ઓછાં કરમાં પણ લોકો લઘુત્તમ કર ભરવા પ્રયત્નશીલ હોય છે. | ઉદ્ભવના મુખ્ય કારણો : ઊંચો કરનો દર, જાહેર ક્ષેત્રોમાં, ભ્રષ્ટાચાર, એક કરતા વધુ કરના દરો, બિનઅસરકારક કર સંસ્થાઓ વગેરે. |

| | | |
|---|---|---|
| 3. | **નીચે આપેલા શબ્દો સમજાવો.**<br>**(1) સરચાર્જ, (2) સેસ**<br><br>* સરચાર્જ એટલે શું ?<br><br>– સરચાર્જ એટલે કે વધારાનો કર કે શૂલ્ક જે હાલના કર પર લગાવવામાં આવતો હોય છે.<br>– 'સેસ' એ સામાન્ય રીતે અસ્થાયીરૂપથી નાણા એકત્રિત કરવા લગાવવામાં આવે, જયારે 'સરચાર્જ' એ કાયમી ધોરણે લગાવવામાં આવે છે.<br>– સરચાર્જની અન્ય મહત્ત્વની બાબત એ છે કે તે સંપૂર્ણ રીતે કેન્દ્ર સરકાર દ્વારા પોતાની પાસે રાખવામાં આવે છે. તેનો કોઈ હિસ્સો રાજ્યો સાથે વહેંચવાનો હોતો નથી.<br>– સરચાર્જ દ્વારા જે પણ નાણા એકઠા કરવામાં આવે છે તે ભારતની સંચિત નિધિમાં જમા કરવામાં આવે છે.<br>ઉદા. કોઈ વ્યકિત જો રૂ. 1 કરોડથી વધુ આવક ધરાવતો હોય તો તેના પર 15% સરચાર્જ લગાવવામાં આવે છે.<br>– સરચાર્જ એ પ્રગતિશીલ કરનું ઉદાહરણ છે. કારણકે જે એક હદથી આવક ધરાવતા હોય તેના પર વધુ આવક સાથે વધુ કર લાદવામાં આવે છે.<br><br>* સેસ એટલે શું ?<br>– સેસ એક પ્રકારનો કર છે જે સામાન્ય રીતે કર આપવામાં આવતો હોય તેની પર લગાવવામાં આવે છે.<br>– સામાન્ય રીતે 'સેસ' એ કોઈ વિશિષ્ટ પ્રકારનો હેતુ પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા લગાવવામાં આવે છે.<br>દા.ત. સરકાર દ્વારા શિક્ષણ પર સેસ લગાવવામાં આવે છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ માટે નાણા ભંડોળ એકત્રિત કરવાનો હોય છે.<br>– 'સેસ' એ સરકારની આવકનો કાયમી સ્ત્રોત નથી પરંતુ જયારે વિશિષ્ટ હેતુ માટે લગાવવામાં આવે તે હેતુ પૂર્ણ થઈ જતા તેને ઉઘરાવવામાં આવતો નથી.<br>– પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને કર પર 'સેસ' લગાવી શકાય છે.<br><br>* સેસ લગાવવાના અન્ય ઉદ્દેશ્યો :–<br>– પુર આવે તો તેના માટે રાહત ભંડોળ અંતર્ગત નાણા એકત્રિત કરવા.<br>ભારતમાં ઉઘરાવવામાં આવતી 'સેસ' :–<br>(1) શૈક્ષણિક સેસ<br>(2) આરોગ્ય અને શૈક્ષણિક સેસ<br>(3) સ્વચ્છ ભારત સેસ<br>(4) કૃષિ કલ્યાણ સેસ<br>(5) આંતરમાળખાકીય સેસ.<br><br>**ALL THE BEST** | 04 માર્ક |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI MAINS MODEL ANSWER

| | | |
|---|---|---|
| 1. | **રાષ્ટ્રીય સંસાધન કાર્યક્ષમતા નીતિ (National Resource Efficency Policy) વિશે જણાવો.** | 10 માર્ક |
| * | **<u>રાષ્ટ્રીય સંસાધન કાર્યક્ષમતા નીતિ</u> (National Rescource Efficency Policy) - NREP, 2019 :-**<br>– પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા ડ્રાફટ NREP, 2019 ટકાઉ ક્ષમતાના હેતુથી જાહેર કરવામાં આવેલી છે.<br>– આ નીતિ અંતર્ગત પર્યાવરણ પર ન્યુનત્તમ નકારાત્મક અસર થાય તે રીતે સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનો હેતુ છે.<br>**<u>મુખ્ય મુદ્દાઓ :–</u>**<br>(1) રાષ્ટ્રીય સંસાધન કાર્યક્ષમતા ઓથોરિટી (National Resource Efficency Authority- NREA) ની સ્થાપના.<br>(2) આંતર–મંત્રાલય રાષ્ટ્રીય સંસાધન કાર્યક્ષમતા બોર્ડ (Inter-Ministerial National Resource Efficency Board) દ્વારા NREAને અમલીકરણ માટે સહાય તથા માર્ગદર્શન<br>(3) રિસાઈકલ થયેલા પદાર્થો માટે કર ફાયદાઓ (Tax Benefits)/ લઘુ તથા મધ્યમ ઉદ્યોગો (SMEs) માટે ગ્રીન લોન/ કચરા નિકાલની સુવિધા માટે સોફટ લોન તથા MRF (Material Recovery Facilities) ની સ્થાપના.<br>(4) ગ્રાહકોમાં રિસાઈકલ પદાર્થો વિશે જાગૃકતા/ઉત્પાદકો તથા સેવા આપનાર લોકો વધુને વધુ રિસાઈકલ અને રિન્યુએબલ વાપરે તેવી જરૂરિયાત.<br>(5) Circular Economy :- દેશમાં લાવવાનો પ્રયત્ન/ 6R+'ગ્રીન પબ્લિક પ્રોક્યોરમેન્ટ' દ્વારા.<br>(6) 6R=Reduce, Reuse, Recycle, Redesign, Re-manufacture and Refurbish પર વિશેષ ધ્યાન/ગ્રીન પબ્લિક પ્રોક્યોરમેન્ટ : પર્યાવરણ પર ઓછી અસર ધરાવતાં/સ્થાનિક રીતે મળે તેવા / સેકન્ડ હેન્ડ/ કાચા માલના પદાર્થો લેવા.<br>(7) 'ઝીરો લેન્ડફીલ' (Zero Landfill) : કચરાનો યોગ્ય નિકાલ કરવો તથા વધુ કચરો પેદા કરતા એકમો દ્વારા કચરાનું પ્રમાણ ઘટાડવું.<br>– સંસાધનો ટકાઉ સ્તર સુધી પહોંચે ત્યાં સુધી પ્રાથમિક સંસાધન વપરાશમાં ઘટાડો કરવો. | |
| * | **<u>NREA ના કાર્યો</u> :–**<br>(1) વિવિધ ક્ષેત્રો માટે મટિરીયલ રિસાઈકલીંગ, પુનઃઉપયોગ અને લેન્ડ–ફિલિંગના લક્ષ્યો માટે : સંસાધન કાર્યક્ષમ વ્યૂહરચના તૈયાર કરવી તથા તેનો વિકાસ કરી તેને અમલી બનાવવી.<br>(2) ગુણવત્તા સુનિશ્ચિત કરવા : ગૌણ કાચા માલ (Secondary Raw Materials) ના ધોરણો નક્કી કરવા.<br>(3) ડેટાબેઝ રાખવો : પદાર્થના ઉપયોગો, ઉત્પન્ન થયેલ કચરો, રિસાઈકલ થયેલ કચરો, લેન્ડફીલ કચરો વગેરે માટેનો ડેટાબેઝ/ વિવિધ ક્ષેત્રો તથા વિસ્તારો માટેનો ડેટાબેઝ / દેખરેખ તથા અમલીકરણ માટેનો ડેટાબેઝ.<br>**<u>શા માટે કાર્યક્ષમતા ? :–</u>**<br>● સંસાધનો માત્ર નિશ્ચિત પ્રમાણમાંજ ઉપલબ્ધ છે.<br>● વધતા જતા ઔદ્યોગિક ઉત્પાદન સાથે વિવિધ સંસાધનોની માંગ પણ વધી રહી છે.<br>● આ સાથે–સાથે ભવિષ્યમાં સંસાધનોની ઉપલબ્ધતાની પણ ચિંતા વધી રહી છે.<br>● આથી, આ દરેકના ઉકેલ તરીકે સંસાધનોનોની કાર્યક્ષમતા વધારવા માટે તથા ગૌણ કાચા માલનો ઉપયોગ વધારવા માટેની આ નીતિ છે. | |
| 2. | **'નિષ્ઠા' (NISHTHA) પહેલ વિશે જણાવો :-**<br>– **National Institute for School Heads and Teachers' Holistic Advancement.**<br>– ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન એન્ડ લિટરસી એ આ પહેલ માટેની નોડલ સંસ્થા છે.<br>**<u>મુખ્ય મુદ્દાઓ :</u>**<br>– 42 લાખ સરકારી શિક્ષકોની ક્ષમતા નિર્માણનો ઉદ્દેશ.<br>– વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ.<br>– આ કાર્યક્રમ અંતર્ગત માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વેબસાઈટ+મોડયુલ+પ્રાઈમરી બુકલેટ+એપ પણ લોંચ.<br>– પ્રારંભિક કક્ષાઓમાં <u>લર્નીંગ આઉટકમ</u> (શીખવાના પરિણામો) વધારવા માટેની આ પહેલ છે.<br>– વિદ્યાર્થીઓમાં વિચાર શકિત/વિચારોને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષકોને પ્રેરણા આપવી.<br>– આ એવી પહેલ છે જેમાં રાષ્ટ્રીય સ્તરે દરેક રાજ્ય+કેન્દ્રશાસિત પ્રદેશો માટે નિયત ધોરણવાળા તાલીમ મોડયુલ બનાવવામાં આવશે. જે માટે રાજ્યો પોતાનું મટિરિયલ અને સંસાધન વાપરી શકે છે.<br>– મુખ્ય ધ્યાન કેન્દ્ર : શીખવાના પરિણામો, યોગ્યતા આધારિત શિક્ષણ અને પરીક્ષણ, વિદ્યાર્થી કેન્દ્રીત શિક્ષણ–શાસ્ત્ર, વ્યકિતગત–સામાજિક ગુણ, સમાવેશી શિક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલીજેન્સની સાથે સૂચના અને તકનીકનો ઉપયોગ,યોગ–સ્વાસ્થ્ય–કલ્યાણ વગેરે.<br>**<u>ભાગીદારો :</u>**<br>સરકારી પ્રાથમિક શાળાના દરેક શિક્ષણો તથા શાળાના વડા+SCERT ના ફેકલ્ટી સભ્યો+DIET+બ્લોક રિસોર્સ કો–ઓર્ડીનેટર+કલસ્ટર રિસોર્સ કો–ઓર્ડીનેટર+રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશોના અન્ય શિક્ષણ વિભાગો.<br>**SCERT = State Council of Educational Research and Training.**<br>**DIET = District Institute of Education and Trainings.** | 04 માર્ક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 3. | **સરકારે કોર્પોરેટ ટેક્સ ઘટાડવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી અર્થતંત્રમાં કેવી રીતે વૃદ્ધિ થઈ શકશે ?** | **04 માર્ક** |
| * | **<u>કોર્પોરેટ ટેક્સ ઘટાડો અને અર્થતંત્રમાં વૃદ્ધિ :–</u>**<br>– કોઈ કંપની **<u>નેટ ઈનકમ (કુલ આવક)</u>** પર લેવામાં આવતો કર એ કોર્પોરેટ ટેક્સ તરીકે ઓળખાય છે.<br>– કર ઘટતાં નાણાંની તરલતામાં વધારો થશે.<br>– **રોકાણ** માટે વધુ નાણાં ઉપલબ્ધ થશે.<br>– રોકાણ વધતાં રોજગાર તથા ઉત્પાદનમાં વધારો થશે.<br>– રોજગાર વધતા ખરીદ શકિતમાં વધારો.<br>– નવા રોકાણોને કર ઓછો થતાં પ્રોત્સાહન મળશે. આ કારણે અમેરિકા–ચીનના વર્તમાન વ્યાપાર યુદ્ધના લીધે અમેરિકા–ચીનમાંથી બહાર આવવા માંગતી કંપનીઓ આકર્ષાશે.<br><br>**ALL THE BEST** | |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# STI MAINS MODEL ANSWER

**1.** ઈ.સ. 1940 પછીના સત્તા સ્થળાંતરણના વિવિધ કમિશનો જણાવો. કોઈ બે વિશે ટૂંકમાં જણાવો. — **10 માર્ક**

* <u>1940 પછીના સત્તાની સોંપણી માટેના કમિશનો :–</u>

– ઓગસ્ટ પ્રસ્તાવ (ઓગસ્ટ, 1940)
– ક્રિપ્સ મિશન (માર્ચ, 1942)
– વેવેલ યોજના/પ્લાન (મે, 1945)
– કેબીનેટ મિશન (ફેબ્રુઆરી, 1946)
– માઊન્ટબેટન પ્લાન/3 જૂન પ્લાન (3 જૂન, 1947)
– ડિકી બર્ડ પ્લાન / ઈસ્મે પ્લાન (Ismay)

**(1) ઓગસ્ટ પ્રસ્તાવ :–**

– 1940 દરમિયાન હિટલરનો પ્રભાવ વધી રહ્યો હતો અને બ્રિટનની પીછેહઠ થઈ રહી હતી. આથી ગાંધી–નહેરુ દ્વારા પરિસ્થિતિનો લાભ ન લેવાની ભલામણ→ડોમિનિયન સ્ટેટસની માંગ
– બ્રિટીશ સરકાર દ્વારા ભારતનો સાથ મેળવવા માટે ઓગસ્ટ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.
- ડોમિનિયન સ્ટેટસ
- વાઈસરોયની કાર્યકારી સમિતિનું વિસ્તૃતીકરણ→ભારતીયોની બહુમતી
- યુદ્ધ બાદ→બંધારણ સભાની રચના→મુખ્યત્વે ભારતીયો દ્વારા બંધારણ નિર્માણ→પરંતુ સરકારના હક્કો (સંરક્ષણ, લઘુમતીના હક્કો, સંધિ કરવાની સત્તાઓ, ઓલ–ઈન્ડિયા સર્વિસ) જળવાઈ રહેવા જોઈએ.
- લઘુમતિઓની સંમતિ વગર અન્ય કોઈ બંધારણ ભવિષ્યમાં નહીં બનાવવાનું.

**પરિણામ :–**
- કોંગ્રેસ દ્વારા અસ્વીકાર
- મુસ્લિમ લીગને 'વીટો' આપવામાં આવતા તેના દ્વારા સ્વીકાર.

**(2) ક્રિપ્સ મિશન (1942) :–**

– સ્ટેફર્ડ ક્રિપ્સ અધ્યક્ષ /ક્રિપ્સ પોતે ડાબેરી હતા. જે ભારતીય ચળવળને સમર્થન કરતા હતા.
– ભારતીયોનો યુદ્ધમાં સાથ મેળવવો અનિવાર્ય હતો. .
– જાપાનનો ભય/મિત્રો દેશો તરફથી બ્રિટન પર દબાણ (USA, USSR, ચીન) પણ થઈ રહ્યું હતું.

**મુખ્ય વાતો :–**

(1) ભારતીય સંઘની સ્થાપના/ડોમિનિયન સ્ટેટસ/ સંયુકત રાષ્ટ્રો સાથેનો સંબંધ માટે સ્વતંત્ર.
(2) યુદ્ધના અંત બાદ–બંધારણ સભાની રચના→આ સભાના સભ્યો પૈકી અમુક સભ્યોની પ્રમાણસર પ્રતિનિધિત્વ દ્વારા ચૂંટણી. અમુક સભ્યોની રાજા–રજવાડાઓ દ્વારા નિયુકિત.
(3) બે શરતોએ બંધારણનો સ્વીકાર
  (i) કોઈ પ્રદેશ જો સંઘમાં જોડાવા ના ઈચ્છે તો તે પોતાનું બંધારણ બનાવી શકશે.
  (ii) નવી સભા+ બ્રિટીશ સરકાર દ્વારા સત્તા હસ્તાંતરણની ચર્ચા, વંશીય અને ધાર્મિક લઘુમતીને રક્ષણ.
(4) આ સમય દરમિયાન– ભારતનું સંરક્ષણ બ્રિટીશરોના હાથમાં–ગવર્નર જનરલની સત્તા યથાવત રહેશે.

**પરિણામ :–**
- આ પ્રસ્તાવમાં પૂર્ણ સ્વરાજની માંગનો અસ્વીકાર કરાયો.
- કોંગ્રેસ દ્વારા અસ્વીકાર.
- ગાંધીજી: 'પોસ્ટ ડેટેડ ચેક'
- પ્રાંતોને અલગ થવાની સત્તા–રાષ્ટ્રીય અખંડીતતાના સિદ્ધાંતથી વિરુદ્ધ.
- સત્તા હસ્તાંતરીત કરવાની યોગ્ય યોજનાનો અભાવ.

**(3) વેવેલ યોજના (1945) :–**

ઉદેશ્ય :– ગવર્નર જનરલની કારોબારી /કાર્યકારી પરિષદની પુનઃરચનાનો પ્રસ્તાવ.
(1) ગવર્નર જનરલ અને કમાન્ડર ચીફ સિવાય પરિષદમાં બધાંજ ભારતીયો.
(2) હિંદુ–મુસ્લિમનું સપ્રમાણ પ્રતિનિધિત્વ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) મંત્રીઓની સલાહ પર ગવર્નર જનરલનો વીટો.
(5) અલગ–અલગ રાજકીય પક્ષોનું કારોબારી પરિષદમાં પ્રતિનિધિત્વ→વાઈસરોયને સંયુકત યાદી આપવી.
(6) યુદ્ધ બાદ નવા બંધારણની વાતચીતો માટેની સંભાવના.

**પરિણામ :–** યોજના નિષ્ફળ રહી.

**(4) કેબિનેટ મિશન :–**

- સંપૂર્ણ પાકિસ્તાનની માંગનો અસ્વીકાર.
- પ્રાંતીય વિધાનસભાઓનું 3 સમૂહમાં વર્ગીકરણ (A,B,C)
- ત્રિ–સ્તરીય કારોબારી અને ધારાસભા, પ્રાંત અને કેન્દ્ર સ્તરે.
- બંધારણસભાના સભ્યોની પ્રાંતીય વિધાનસભા દ્વારા ચૂંટણી (પ્રમાણસર પ્રતિનિધિત્વ)
- બંધારણીય સભામાં A, B, C જૂથના લોકો પોતાના પ્રાંતનું બંધારણ બનાવશે અને શકય હોય તો પોતાના જૂથનું પણ અને ત્યારબાદ સંપૂર્ણ કેન્દ્રનું પણ બંધારણ બનાવશે.
- પ્રાંતોની સ્વાયત્તતાના અને અવશિષ્ટ સત્તાઓ.
- રાજા–રજવાડાઓ આવનારી સરકારો કે બ્રિટિશ સરકાર સાથે જોડાય શકે.
- પ્રથમ સામાન્ય ચૂંટણી બાદ પ્રાંતો પોતાના જૂથની બહાર નીકળી શકે (અથવા 10 વર્ષ બાદ)
- કામચલાઉ સરકારનું બંધારણીય સભામાંથી ગઠન.

**પરિણામ :–** વર્ગીકરણની બાબતે મતભેદ થયો.

**(5) ડિકી બર્ડ પ્લાન (Dickie Bird Plan) :–**

– માઊન્ટ બેટન દ્વારા તથા જનરલ સર હેસ્ટીંગ્સ ઈસ્મે (Gen. Sir Hastings Ismay) સર જયોર્જ એબેલ દ્વારા આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો.
– **આ પ્લાનના વિવિધ નામો :** બાલકાઈઝેશન / બાલ્કન પ્લાન / ઈસ્મે પ્લાન
– 15-16 એપ્રિલ, 1947 એ આ પ્લાનની રજૂઆત કરવામાં આવી હતી.

**મુખ્ય મુદ્દાઓ:–**

– આ પ્લાન મુજબ એક 'ભારત સંઘ'ની તથા અલગ 'ભારત–પાકિસ્તાન'ની માંગનો અસ્વીકાર કરવામાં આવ્યો.
– આ પ્લાન મુજબ દરેક પ્રાંતો પોતે શરૂઆતમાં સ્વતંત્ર થવા જોઈએ.
– મદ્રાસ, બોમ્બે, બંગાલ, પંજાબ, NWFP વગેરેને સ્વતંત્રતા.
– આ પ્રાંતો પછી પોતે નક્કી કરશે કે બંધારણ સભામાં જોડાવું કે નહીં.

**પરિણામ :–** સીધો જ અસ્વીકાર.

**(6) માઊન્ટબેટન પ્લાન / 3 જૂન પ્લાન (3 જૂન, 1947) :–**


– માઊન્ટ બેટન→વાઈસરોય
– આ પ્લાનમાં ભારતને આઝાદી આપવાનો તથા અલગ પાકિસ્તાનના નિર્માણની રજૂઆત.
– આ સમયે કોમી રમખાણો તથા હત્યાઓનો દબાવ વધી રહ્યો હતો.
– એટલીની ઘોષણા (ફેબ્રુઆરી, 1947):–ભારતને આઝાદી 30 જૂન, 1948 સુધીમાં આપવામાં આવશે. માઊન્ટબેટનને વધુ સત્તા સાથે વાઈસરોયનું પદ આપવામાં આવ્યુ.
– શરૂઆતમાં ભારત–પાકને ડોમિનિયન સ્ટેટસ
– પંજાબ–બંગાળમાં ભાગલા. આથી બે બંધારણ સભાનું નિર્માણ.
– NWFP (North West Frontier Province) માટે રેફરંડમ તથા સિંધની વિધાનસભા નક્કી કરશે કે કઈ બંધારણ સભામાં જોડાવવું.
– સર સાઈરીલ રેડકલીફ (Sir Cyril Redcliff) ની અધ્યક્ષતામાં એક બાઉન્ડરી કમિશનની રચના કરવામાં આવી
– દેશી રજવાડાઓને બ્રિટિશ શાસનમાંથી મુકત કરવામાં આવ્યાં તથા તેમને 3 વિકલ્પો આપવામાં આવ્યાં.
(1) તેઓ ભારત સાથે જોડાય શકે.
(2) તેઓ પાકિસ્તાન સાથે જોડાય શકે.
(3) તેઓ સ્વતંત્ર રહી શકે છે.
– 15 ઓગસ્ટ, 1947 એ ભારત આઝાદ થયું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**2.** **અંગ્રેજોના સમયની શિક્ષણ માટેની 'ડાઉનવર્ડ ફિલ્ટ્રેશન થિઅરી' (Downward Filtration Theory) વિશે નોંધ લખો.** — **04 માર્ક**

* **<u>ડાઉનવર્ડ ફિલ્ટ્રેશન થિઅરી (Downward Filtration) :–</u>**

– શિક્ષણ પાછળ નિયત માત્રામાં જ ખર્ચની જોગવાઈ હતી. (માત્ર 1 લાખ) જેનો યોગ્ય ઉપયોગ કરવો જરૂરી હતો.
– આથી એવા ઉચ્ચ અને મધ્યમવર્ગના ભારતીયોને શિક્ષિત કરવા જે અન્ય લોકોને શિક્ષિત કરવાની જવાબદારી લઈ શકે. આથી શિક્ષણ ઉપરના સ્તરેથી નીચેના સ્તરે ધીમે–ધીમે પહોંચશે. એટલે કે શિક્ષણનું 'ડાઉનવર્ડ ફિલ્ટ્રેશન' થશે.
– આ નીતિ બ્રિટીશ શાસનના અંત સુધી પ્રાયોગિક ધોરણે યથાવત પરંતુ 1854માં ઔપચારિક રીતે બંધ કરવામાં આવી હતી.
– **પરિણામ :–** શિક્ષણ તો વધુ પ્રમાણમાં નીચેના વર્ગ સુધી પહોંચ્યું નહી, પરંતુ આધુનિક વિચારોનો વિસ્તાર થયો. (આવા વિચારો બ્રિટીશ શાસનની વિરુદ્ધ હતાં), ઉપરાંત આ વિચારો શાળા તથા પુસ્તકો દ્વારા નહી પરંતુ પ્રેસ, પેમ્પલેટ, જાહેર મંચ વગેરે દ્વારા ફેલાયા.



– 1854માં શિક્ષણને લગતું 'Wood's Despatch' ભારતમાં મોકલવામાં આવ્યું હતુ. જેમાં ડાઉનવર્ડ ફિલ્ટ્રેશનને બંધ કરવાની વાત હતી.
– **ડાઉનવર્ડ ફિલ્ટ્રેશન પદ્ધતિ અપનાવવાના કારણો :–**
- બ્રિટીશ સામ્રાજયને ટકાવવા માટે સમાજના ઉચ્ચ વર્ગને બ્રિટિશરોના અનુયાયીઓ બનાવવા જરૂરી હતા. આ માટે તેઓને શિક્ષિત કરવા, ટકાવવા જરૂરી હતાં.
- વાણિજય તથા વહિવટ માટે કર્મચારીઓની જરૂરિયાત હતી.
- આ કર્મચારીઓ શિક્ષિત હોવા જરૂરી હતા.
- સરકારને મોટા પ્રમાણમાં લોકોને શિક્ષણ આપવાથી કોઈ લાભ થઈ શકે તેમ હતો નહીં. તથા આ કાર્ય માટે પૂરતા પ્રમાણમાં ભંડોળ પણ હતું નહીં.
- આથી, અમુક વર્ગને ભણાવ્યા બાદ સમગ્ર લોકોને શિક્ષિત બનાવવાની જવાબદારી આ વર્ગને સોંપી દેવાનો વિચાર અપનાવવામાં આવ્યોં.

**3.** **ગુજરાતના સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલન :-** — **04 માર્ક**

– દુર્ગારામ મહેતાજીએ જૂન 1844માં સુરતમાં એક માનવધર્મ સભાની સ્થાપના કરી હતી.
– ગુજરાતનું 'બુદ્ધિપ્રકાશ' માસિક એ સૌથી જૂનામાં જૂનું છે.
– ઈ.સ. 1915માં ગાંધીજીએ કોચરબ આશ્રમની સ્થાપના કરી હતી.
– ઈન્દુલાલ યાજ્ઞિક 'નવજીવન' નામનું માસિક ચલાવતા.

* **પ્રાર્થના સમાજ, અમદાવાદ :–**
– હિન્દુ સમાજમાં દાખલ થઈ ગયેલા વહેમો અને ક્રિયાકાંડોને નાબૂદ કરવાનો તેમજ શુધ્ધ ધર્મનો પ્રચાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.
– મહિપતરામે– 'જ્ઞાનસુધા' નામનું સામયિક શરૂ કર્યું હતું.

* **ગુજરાતના અન્ય સુધારકો :–**
– નર્મદનું 'ડાંડિયો'.
– નંદશંકર મહેતા.

* **ગુજરાત વર્નાકયુલર સોસાયટી :–**
– ફાર્બસ દ્વારા સ્થાપના.
**હેતુ :–**ગુજરાતી ભાષા–સાહિત્યને ઉત્તેજન આપવા તથા અંગ્રેજીના ગ્રંથોનું ગુજરાતીમાં ભાષાંતર કરવા.

* **બુદ્ધિવર્ધક સભા :–**
– આ મંડળીના પ્રથમ પ્રમુખ રણછોડદાસ ગિરધરભાઈ ગુજરાતની શિક્ષણ સુધારક સંસ્થાઓના આદ્યપ્રેરક તરીકે જાણીતા બન્યા. તેમની પ્રેરણા હેઠળ કવિ નર્મદ અને તેમના સાથીઓએ જૂન 1850માં સુરતમાં 'બુદ્ધિવર્ધક સભા' શરૂ કરી.

**ALL THE BEST**